





માગણી મૂકી મૂકી મમતા આતંક મચાવે છે,
સાંસદો ના જોરે સરકારને નાચ નચાવે છે,
પચાવે ઝેર પ્રાદેશિકતાનું બચાવે ઇમેજ -
ખંડણી ખંખેરેને 'દાદી' દાંત કચ કચાવે છે




એકતા ખૂટે,
નેતાઓ સ્વાર્થ લૂંટે -
સમાજ તૂટે..
(નાત-જાત ના ભાગલા)

ગ્રીન સીટીને,
હવે વળગ્યું ભૂત -
ઉર્જા - સીટીનું..
(રોજ ઉપડે પૈણ)

## ચિંતન

**સુખાર્થિનઃ કુતા વિદ્યા નાસ્તિ વિદ્યાર્થિનઃ સુખં ।**
**સુખાર્થી વા ત્યજે દ્વિદ્યાં વિદ્યાર્થી વા ત્યજેત્સુખં ॥**

'સુખની ઇચ્છાવાળાને વિદ્યા કયાંથી મળે? તેવી જ રીતે સાચા અર્થમાં જે વિદ્યાર્થી છે તેના નશીબમાં સુખ હોય જ કયાંથી? અર્થાત્ વિદ્યાર્થી અને સુખને બારમો ચંદ્ર છે. જો સુખની આશા કે અપેક્ષા હોય એવા વિદ્યાર્થી તો 'ભણવા'ને, દૂરથી જ 'રામ-રામ' કરવા જોઇએ. જેને વિદ્યાની ઇચ્છા રાખવી હોય એણે સુખનો મોહ છોડી દેવો જોઇએ.'

વિદ્યા-અભ્યાસ એ સાધના છે. વિદ્યા પ્રાપ્ત કરવા માટે નિશ્ચિત પરિશ્રમ કરવો જરૂરી છે. 'વાચન' કરવું એને માટે ઉંઘ લીધા વિના એક આસને બેસી રહેવું પડે, એમ એક આસને બેસવા માટે ખોરાક ઓછો લેવો પડે, ભૂખ્યા રહેવાનું તપ કરવું પડે.

પ્રાચીનકાળમાં રાજાઓ ના પુત્ર પણ જિંદગીના પ્રથમ પચ્ચીસ વર્ષ આશ્રમ-તપોવનમાં કઠોર તપ કરી જાતે પરિશ્રમ કરી, સ્વાશ્રય દ્વારા રોજિંદી પ્રવૃત્તિ કરી ગુરુ પાસેથી બધા જ પ્રકારની વિદ્યા તાલીમ-કેળવણીનું શિક્ષણ પ્રાપ્ત કરતા પછી જ 'રાજય કારભાર' માટે તૈયાર થતા.

જે વિદ્યાર્થી તમામ સુખ-સુવિધા સાથે ભણે છે એને વિદ્યા પ્રાપ્ત થતી નથી. એટલે કે જેણે ખરેખર અભ્યાસ કરવો જ છે એને તમામ મોજશોખ, એશ આરામ, સ્વછંદતાનો ત્યાગ કરવો જ પડે, તો જ ભણવામાં મન પરોવાય.

## સુવિચાર

- સર્વો કળા જે શીખવી ખૂબ કઠિન છે તે છે જીવન જીવવાની કળા - જહોન સ્ટ્રેચી
- દરેક ચીજ-બાબત-બનાવને તેના સત્ય સ્વરૂપમાં જોવી હોય તો પહેલાં તમારી દૃષ્ટિને સત્યમય બનાવો - સંત મિખાઇલ નેઇમી
- મુક્ત મન જ સત્ય શોધી શકે છે - રૂઝવેલ્ટ
- ઘરેડમાં ચાલે તે ઘરડો - ગુણવંત શાહ
- જીવંત માણસ સદા તાજગી અનુભવતો હોય છે - વિનોબાજી
- બાળક જેવી જિજ્ઞાસા જીવનભર રાખજો - થોમસ મૂર
- વ્યક્તિનું સામાન્ય રીતે જીવાતું જીવન યાંત્રિક આદત જેવું થઇ ગયું છે. ઘણું કરીને એ મૂર્છિત દશામાં જ જીવી જાય છે, જાણબાર-જેમતેમ જીવન જીવાઇ જાય છે - ગુર્જિફ

## બોધકથા

આજકાલ પ્રધાનશ્રીઓ, અધિકારીઓ અને ઠગ લોકો, હાલાણી જેવા હાલી નિકળ્યા છે અને કરોડો અબજોનો સંગ્રહ કરે છે જાણે જન્મોજન્મ કમાવાની ચિંતા જ નહીં! માણસની સંગ્રહવૃત્તિને કોઇ મર્યાદા નથી. લોભને થોભ ન હોય!

સ્વામી દયાનંદ સરસ્વતી કલકત્તાના ગંગાસાગર પાસે સમુદ્ર અને ગંગાના સંગમ સ્થાને બેસી સત્સંગ નો આનંદ માણતા હતા.

એમાનાં એક શિષ્યને સન્યાસી હોવા છતાં, છતાં કૌપીન વસ્ત્રો, પ્રસાદ અને પૂજાના ઉપયોગના વાસણ સાચવીને સંગ્રહ કરવાની ટેવ હતી. તે શિષ્યની સ્વામીજી પાસે પણ એક-બે ફરિયાદ આવી હતી, કે એના 'સ્વભાવ' માં 'સંગ્રહવૃત્તિ' છે.

આ સત્સંગમાં એ જ શિષ્યએ સ્વામી દયાનંદ સરસ્વતીને પ્રશ્ન પૂછ્યો - ગુરુદેવ આ સમુદ્રમાં હજારો મીઠાં પાણીની નદીઓ વરસોથી રાત-દિવત ઠલવાયા કરે છે, સમુદ્ર એના વિના બીજી કોઇ 'આવક' નથી છતાં સમુદ્રનું પાણી 'ખારું' જ કેમ રહે છે?

સ્વામીજીએ સમય જોઇને સોગઠી મારી. કહ્યું - જુઓ ભાઇ! નદી સતત દાન દેનારી છે પોતાની પાસે પોતાના પ્રાણ સમું પાણી રાખતી નથી અને સમુદ્રમાં સમાઇ જાય છે જે દાન આપી ખાલી થઇ જાય એ મધુર બને અને જે મારું-મારું, લાવ-લાવ, જેવી સંગ્રહવૃત્તિ ધરાવે એના હૃદયમાંથી કયારેય 'ખારાશ' જતી નથી..

શિષ્ય શાનમાં સમજી ગયો.

# ગાંધીનગરને હવે બીજા ટાઉનહોલની જરૂર છે




ગાંધીનગરનો વિકાસ અવિતરતપણે વધતો જાય છે. સાડા ચાર દાયકાનું આયખું ધરાવતું ગુજરાતનું પાટનગર ગાંધીનગર આજે મહાનગર બન્યું છે. સરકારના સચિવાલય, વિધાનસભા અને ખાતાકીય કચેરીઓ ઉપરાંત નગરના પાદરે રાષ્ટ્રીય કક્ષાના શિક્ષણ સંકુલો પણ વિકસ્યા છે. નગરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કેન્દ્ર તરીકે ટાઉનહોલ એક જ છે. ગાંધીનગર ટાઉનહોલમાં છેલ્લા બે વર્ષથી કાર્યક્રમો માટે વેઈટીંગ અનુભવાય છે. સરકારી કાર્યક્રમો ઉપરાંત નગરની શાળા-કોલેજોના વાર્ષિકોત્સવ, નાની-મોટી સાંસ્કૃતિક સંસ્થાઓના કાર્યક્રમો, સમાજો અને સંગઠનોના મેળાવડાઓ ઉપરાંત રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સેમિનારોથી ટાઉનહોલ સતત અને સખત બુક રહે છે. હવે ગાંધીનગરને બીજા ઓડિટોરિયમની આવશ્યકતા છે.

છેલ્લા એક વર્ષથી ગાંધીનગર ટાઉનહોલની સ્થિતિનો વિચાર કરીએ તો ત્રીસ દિવસમાં પચાસથી પંચાવન કાર્યક્રમો યોજાય છે. કાયરેક કયારેક ડ્રૉ કરીને પણ હોલની ફાળવણી થાય છે. તો વળી કયારેક છેલ્લી ઘડીએ સરકારી કાર્યક્રમ આવી જતાં સ્થાનિક સાંસ્કૃતિક કાર્યક્રમો રદ પણ કરાવાય છે. વધુ સભ્ય સંખ્યા ધરાવતી સંસ્થાઓને સળંગ બુકીંગ મળતું નથી. ગાંધીનગરમાં સાતસોથી આઠસો બેઠકોની ક્ષમતાવાળો હોલ તાકીદે બનાવવો જોઈએ. વધતી જતી વસ્તી, વધતો જતો નગરનો વ્યાપ અને વધતા જતા સરકારી કાર્યક્રમોને કેન્દ્રમાં રાખી રાજય સરકાર કે મહાનગરપાલિકાએ તાકીદે નિર્ણય કરી કામગીરી આરંભવી જોઈએ, તો આવનારા દિવસોમાં અર્થાત્ બે-ત્રણ વરસે નગરજનોને બીજા હોલની ભેટ મળી શકે. વર્તમાન ટાઉનહોલની ક્ષતિઓ પણ નિવારવા સંબંધિત વિભાગે કાળજી લેવાની આવશ્યકતા પણ છે. એકબાજુ રંગમંચો અને ઓપન એર થિયેટર નિરર્થક પડયા છે. તો બીજી બાજુ મધ્યમ કક્ષાના સભાગૃહની અછત વર્તાય છે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ પણ આ દિશામાં હોલ બનાવી શકે તો નગરની મોટી સેવા ગણાશે. આમ નગરના વિકાસની સાથે વધુ એક ટાઉનહોલની આવશ્યકતા ગાંધીનગર અનુભવે છે.

# ઊગે સૂર્ય મોડો તો ચાલે હે ઈશ્વર પણ સવા સાતની લેટ ના થાય લોકલ...

## વિચાર યાત્રા

- જય ઓઝા

> **કુદરતે આપણને કેટ કેટલું બક્ષ્યું છે, સવારની ઉષા અને સંધ્યા ક્યારે આપણે નિહાળી! સૂર્યવંશી હોવાના કારણે સૂર્ય ઊગ્યા પછી જ ઉઠનારા આપણે પ્રભાતનું સૌંદર્ય તો કયાંથી માણ્યું જ હોય!**

૨૨મી એપ્રિલ 'અર્થ ડે'- 'ધરતી દિવસ' તરીકે ઉજવાય છે. ત્યારે આપને આ જનેતા માટે શું કર્યું એ વિચાર આવે છે.

હમણાં આ ઉનાળાની શરૂઆતના દિવસોમાં એક ધીખતી બપોરે એક ગામના પાદરને મળવાનો લ્હાવો મળ્યો. પાદર પર ગામના સેનાપતિ જેવો વડલો ટટ્ટાર ઊભો હતો. તેની વડવાઈ જાણે હવે મોટા થયેલા દીકરાની જેમ બાપને ખભેખભા મીલાવતી હોય તેમ થડને આખા વૃક્ષનો ભાર વેઢારવામાં મદદ કરતી જમીનને સ્પર્શી રહી છે. બાજુમાં એક નાનુ તળાવ છે... તળાવની બાજુમાં એક ઘટાદાર વૃક્ષની નીચે નાની દેરી પણ ન કહેવાય કે મંદિર પણ ન કહેવાય તેવું દેવાલય છે...

શહેરમાં ભાગ્યે જ સંભળાતા રમણીય અવાજ આ નિરવતામાં સંભળાય છે. કાગડો, કોયલ, બાપટ, બપૈયો, ખિસકોલી... આ બધા જણા શહેરી આબોહવાથી પ્રદૂષિત એવા મારો પરિચય લઈ રહી છે. લીમડા નીચે ખૂટીએ બાંધેલા બળદો વાગોળવાનું કામ કરી રહ્યા છે. આ બધા પ્રાકૃતિક તત્ત્વો પોત- પોતાની સાથે તેમની આગવી ભાષામાં જાણે વાતચીત કરી રહ્યા હતા. પ્રાકૃતિક સંપદાથી ભરેલા આ વિસ્તારમાં હું જ જાણે અપ્રાકૃતિક હતો કે હજી કાર ચાલુ રાખીને તેના ઘોઘાર અવાજથી પ્રકૃતિની સાઉન્ડ સિસ્ટમમાં અડચણ પહોંચાડતો હતો. તરત જ કાર બંધ કરી, મોબાઈલ સ્વીચ ઑફ કરીને બે ઘડી કૃત્રિમતાનો અંચળો ફેંકી દઈને ખરા અર્થમાં મનુષ્ય બની જઈને માનવતાને ટકાવી લીધી.

થોડેક દૂર આંબો દેખાય છે, આંબા પરની કેરીઓ હવે તેની કિશોરાવસ્થાને આંબી ચૂકી છે. અને પવનના સૂસવાટા સાથે તે કિશોરીઓ (કેરીઓ) હિલોળા લે છે. ત્યારે મન લલચાઈ જાય છે થયું કે પથ્થર મારીને આ કેરીઓને કાચી ઉંમરે જ મૃત્યુ આપી દઉં. હજી માનસમાં આવા વિચાર આવે જ ને કારણ કે શહેરી હવા એમ કાંઈ મગજમાં થોડી ચાલી જાય... આંબાની નજીક ગયો અને કોણ જાણે કેમ પરંતુ પથ્થર ઉગામીને કેરી પાડવાની બદલે નીચે પડેલી પોપટે ટોચા મારેલી બે-ત્રણ કેરી લઈને વડ નીચે પાછો આવી ગયો. ખબર નહીં પથ્થર મારવાનો વિચાર કેમ પાછો પડ્યો! કદાચ વાતાવરણની અસર હશે...

આપણા મહાન વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝે વર્ષો પહેલાં વનસ્પતિમાં જીવ છે એ સાબિત કર્યું હતું. પરંતુ, તેની સમજણ આજે પડી.

આ બધું વાંચીને તમને થશે તે આજે તો મને કંઈ ચડી ગઈ છે... હા નશો તો ચડયો જ છે... આ કુદરતના કૅફ છે. પણ સાચું માનશો આ પહેલું એવું વ્યસન છે કે જે હાનિકારક નથી, ફાયદા કારક છે. કિન્તુ, પરંતુ, પણ આ વ્યસન કરવાની પૂર્વ શરત એ છે કે તમે શહેરના ધમાલિયા, ઘોંઘાટીયા વાતાવરણમાં રહેતા હોવા છતાં તમારા હૃદયના કોઈ એક ખૂણામાં કુદરતના આ સૌદર્યને માણી શકો તેટલી સંવેદના જીવંત રાખી હોવી જોઈએ.

નહીંતર તો 'દષ્ટિ એવી સૃષ્ટિ' કોઈ વળી કહેશે કે અરેરે... છીં..છીં.. છાણ.. પોદળાની દુર્ગંધ તો જુઓ. પેલી ભેંસો કેવી કાદવમાં પડી રહી છે. લોકો કેટલા મેલા અને ધૂળિયા કપડામાં આવ-જા કરે છે. .. (પણ એ મેલા કપડા પાછળનું સાફ મન આપણે જોઈ શકતા નથી.) અરેરે... મોબાઈલનું કવરેજ પણ આવતું નથી... વૉડાફોન, ઍરટેલ, આઈડિયા વાળા ટાવર પણ ઊભા નથી કરતા. અરે યાર, આપણું એન્ટેના બરાબર ગોઠવીએ તો પછી બધા કવરેજ એક સાથે આવી જાય અને ઉપરવાળા સાથે ડાયરેક્ટ ડાયલીંગ જોડાઈ જાય! ખેર વાત આડા પાટે ચડી ગઈ...

કુદરતના સૌંદર્યની અનૂભુતિ આપણે ક્યારેય કરી શક્યા છીએ ખરા? મોબાઈલમાં ફિલ્મી ગીતોની અવનવી રીંગ ટોન અને હૅલો ટ્યૂન સેટ કરનારા આપણે પક્ષીઓના કલરવ રૂપી સાઉન્ડને સાંભળવાનો કદી પ્રયત્ન કર્યો છે ખરો! કુદરતે આપણને કેટ કેટલું બક્ષ્યું છે! સવારની ઉષા અને સંધ્યા ક્યારે આપણે નિહાળી! સૂર્યવંશી હોવાના કારણે સૂર્ય ઊગ્યા પછી જ ઉઠનારા આપણે પ્રભાતનું સૌંદર્ય તો કયાંથી માણ્યું જ હોય!

સવારના પહોરમાં બધા પક્ષીઓ પોત- પોતાના બચ્ચાઓને માળામાં ટાટા - બાય બાય કરીને નીકળી પડે છે. તેમને સવારે આકાશમાં ઉડતા જોયા છે? 'V' આકાર બનાવીને અવનવી ડીઝાઈન સાથે શિસ્તબધ્ધતાથી નીકળતા પક્ષીઓ જાણે પરેડ કરતા હોય તેવું લાગે છે.

એવું નથી કે આપણે બધા મોડા જ ઊઠીએ છીએ. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન એવા ઘણા વિરલા મળસ્કે જાગી જાય છે. પણ જાણે બસ પકડવા દોડતા હોય તેમ એક લક્ષ્ય સાથે હાથ ઉલાળતા, ભાગતા જતા હોય છે. અને તેમાં વળી આખા દિવસની દિનચર્યા ગોઠવતા હોય છે. કોને કેવી રીતે આજે બાટલીમાં ઉતારવો તેની વ્યૂહરચના ઘડતા જતા હોય છે. સ્વાસ્થ્ય પ્રત્યેની સભાનતા હોવી સારી બાબત છે પરંતુ, બગીચામાં ખીલેલા ગુલાબ કે મોગરાનું સૌંદર્ય અને લીલોતરી અને તાજગી પ્રત્યે બેધ્યાન બનીને દંડ - બેઠક કરવાથી શો ફાયદો!

ધરતીનું કરજ ચૂકવવા જેટલા નસીબવંતા તો આપણે નથી! પરંતુ તેણે જે આપ્યું છે તે ધ્યાનપૂર્વક વાપરી જાણીએ એટલા પ્રાકૃતિક તો બનીએ...

શીર્ષકમાં રઈશ મનિઆરનો છે શૅર, તે મૂક્યો છે, તે આપણી અપ્રાકૃતિકતા દર્શાવે છે... તેને દૂર કરી શકીશું!

- jayuoza@gmail.com

# અરસપરસ

મિત્રો!

એને પ્રશ્ન કહો કે, કહો સમસ્યા, શો ફેર પડે છે એનાથી? જગત આખું પ્રશ્નો અને સમસ્યાથી ભર્યું ભર્યું છે. જેમ વ્યક્તિને એના આગવા પ્રશ્નો હોય છે એમ કુટુમ્બ, રાજય કે રાષ્ટ્રથી માંડીને જગત આખું સમસ્યાઓથી ઘરાયેલું રહ્યું છે. માંડ એક પ્રશ્ન ઉકલે ત્યાં બીજો પ્રશ્ન મોં પાડીને ઊભો જ હોય! ધીરજ અને સમજદારીથી પ્રશ્નોને ઉકેલવાના હોય છે પણ જયાં ત્રણ સાંધો ત્યાં તેર તૂટે એનું શું? આખરે માણસ છે, અને એની મર્યાદાઓ, હતાશા અને ઘોર નિરાશા વડે ઘેરાયેલો માનવ શું કરે? ...ન કરે તો જ નવાઇ!

કહ્યું છે એમ ઘટમાળ જ એવી છે કે જેમાં દુઃખ પ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી આ જિંદગી છે. જેમ એકમ નાનું એમ પ્રશ્નો નાના. રાજય કે રાષ્ટ્ર. વળી જગત બધાંના પ્રશ્નો સૌને અસર કરે એવા જ હોય, ઘણીવાર માણસની અપેક્ષાઓમાંથી જ પ્રશ્નો ઉભા થતા હોય છે. અપેક્ષા ઓછી એમ પ્રશ્નો ઓછા, આજે વિશ્વ આખું પ્રશ્નોથી ઘરાયેલું છે. કેટલાંક પ્રશ્નો સૌને સમાન જગતભરને વીંટળાઇને મૂંઝવતો પ્રશ્ન જો કોઇ હોય તો તે આતંકવાદનો છે. કહે છે કે આતંકીઓ ને કોઇ ધર્મ કે ભાષા હોતી જ નથી. શાંત પાણીમાં જેમ પથ્થર પડે અને જેમ તરંગો ઉઠે એમ શાંત પ્રદેશ કે વિસ્તારમાં કોઇ પણ જાતના કારણ વગર સૌનું ધ્યાન ખેંચવા થોડાક વિદ્રોહી માનસ ધરાવતાંઓનું ટોળું, જેઓની પાસે એક જ ધ્યેય છે ત્રાસવાદ! શા માટે? એનો કોઇ જ જવાબ નથી એની પાછળ છૂપાઇ રહેલી હોય છે જડ ધાર્મિકતા, પરગટ હિંસક વૃત્તિ અને અન્યોનું ધ્યાન ખેંચવા માટેની અમાનવીય પ્રવૃત્તિ!

કટ્ટર ધાર્મિકતા એ શાંતિ અને સલામતીને ફોલી ખાલી ઉંધઇ જેવી છે. માર્મિક એવો ધાર્મિક સારો પણ નર્યો જડ - જક્કી વલણ ધરાવતો માણસ અધાર્મિક હોઇ શકે. વિશ્વનાં કોઇ પણ ધર્મમાં નરી સમાનતા જ જોવા મળે છે. સનાતન સત્ય એ સર્વકાળ - સર્વજન સમૂહમાં સરખાં જ હોય પણ ધર્મને નામે પોતાનો રોટલો શેકવા માગતા કહેવાતા ધર્મપુરૂષો - ધર્મ સંઘો કે ધર્મ સ્થાનોએ જ આ જગતમાં આજ સુધીના યુધ્ધો પૈકી ૮૦ % યુધ્ધો લડાવ્યાં છે કે મરાવ્યાં છે!!

ધર્મ કયારેય શાંતિનું વાહક બની શકયું નથી. અલબત્ત થોડો સમય એની અસર ભલે રહે પણ મળે યુધ્ધખોર છે. પથ્થર કે તીર-કામઠાંથી થયેલી એની શરૂઆતની યુધ્ધ લીલા આજે મિસાઇલ કે મનવારની પણ અટકી નથી.

જગતની દારૂણ દશા ગરીબીની છે. સોમાલિયા કે દક્ષિણ આફ્રિકાના ઘણાં બધાં દેશો આજે પણ ગરીબીમાં સબડે છે. એક તરફ અમેરિકા, ઇંગ્લેન્ડ, ફ્રાંસ, જર્મની-જાપાન જેવાં દેશો સાહ્યબીમાં આળોટે છે, તો કયાંક દુકાળ અને ગરીબી-ભૂખમરાથી રોજના લાખ્ખો માણસ મરણ પામે છે. બાળકોની કુપોષણની અવદશા થતી આજે ય એવી ને એવી જ છે વિશ્વ આરોગ્ય તંત્ર જાગ્યું છે ખરું પણ વિકરાળ એવી વસ્તી અને ટાંચા સાધનો - આરોગ્ય અંગે હોવી જોઇતી સમજ ના અભાવે આજે ય લાખો બાળકો પોષણયુક્ત આહારના અભાવે બાળપણમાં જ ગૂજરી જાય છે અથવા જીવે છે તે રોગિષ્ઠ કંગાલ અને ગરીબીની હાલતમાં જીવન પસાર કરે છે. દુકાળ અને ભૂખમરો જેવા પ્રશ્નો આજે ૨૧મી સદીમાં પણ ઓછા નથી. એકલા ભારતમાં જ મોટી સંખ્યામાં લોકોને એક ટંક જ ખાવાનું મળે છે ને તેય પોષણયુક્ત તો કયાંથી? રાષ્ટ્રની ઉન્નતિ અને વિકાસ શિક્ષિત નાગરિકો પર અવલંબે છે. વૈજ્ઞાનિક સંશોધન - આવિષ્કારો વડે દુનિયાનાં ઘણા દેશો એ પ્રગતિ કરી છે પણ હજુ જગતના ઘણા બધા દેશો નિરક્ષરતાની ખાઇમાં ડૂબેલા છે. સમજદાર નાગરિકોનું કર્તવ્ય સમજદાર રાષ્ટ્રનું નિર્માણ કરવાનું છે પણ જયાં શિક્ષણ જ ન હોય ત્યાં નરી અંધશ્રધ્ધા - વહેમ અને પરંપરાભર્યું જીવન હોય છે. જગતમાંથી નિરક્ષરતા નાબુદ કરવા 'યુનિસેફ' જેવી સંસ્થાઓ કાર્યરત છે.

આમ આતંકવાદ - કટ્ટર ધાર્મિકતા - ગરીબી કુપોષણ - અનારોગ્ય - ભૂખમરો અને નિરક્ષરતા જેવા પ્રશ્નો આજે જ જગતને ઘેરી વળી ઊભા છે.

સૌથી જૂની સંસ્કૃતિ અને સંસ્કારનો વારસો લઇને જીવવાની વાત કરતું ભારત, એના ય ઘર આંગણાંના પ્રશ્નો કયાં ઓછા છે? નકસલવાદ, માઓવાદ અને બોડો ફ્રન્ટ જેવી આતંકી કૃત્યો કરતી ટોળકીઓ હિંસક પ્રવૃત્તિઓ આજે ય ચલાવી રહી છે. ગરીબો - અશિક્ષિત પ્રજા અને સર્વહારા લોકો વચ્ચે રહીને તેઓનું કલ્યાણ કરવાનું વચન કે વિશ્વાસ આપીને વર્ગવિગ્રહ જગાવવાની પ્રવૃતિઓથી ભારતા ઘણાં બધાં રાજયો પીડાઇ રહ્યાં છે. લોકશાહી પધ્ધતિથી સરકાર સાથે બંડ જગવી કાયદો - વ્યવસ્થાની ઐસી તૈસી કરી પોતાનું વર્ચસ્વ આ વિદ્રોહી ટોળીઓ શાંતિભંગ કરી રહી છે.

નકસલવાદ કે માઓવાદ જ શા માટે અહીં તો પ્રાદેશિકતાવાદ - ભાષાવાદ - આતંકવાદ પણ એટલો જ અશાંતિ ભર્યો માહોલ સર્જે છે. અનામતના નામે વર્ગો વચ્ચે વિગ્રહ ઉભા કરે છે. ભ્રષ્ટાચારની તો વાત જ શી કરવી? આખું યે રાજકારણ અને સત્તાકારણ ભ્રષ્ટાચારથી ખદબદે છે. એક તરફ મોંઘવારી વધતી જાય છે અને આમ આદમીનું જીવન દોહ્યલું બનતું જાય છે તો બીજી બાજુ આર્થિક અસમાનતા અનેક પ્રશ્નો ખડા કરે છે.

'બુભુક્ષ - કિં ન કરોતિ પાપમ' એમ ગરીબી અનેક પ્રશ્નો ઊભા કરે છે. અંધશ્રધ્ધા - વહેમ અને ધાર્મિક અતિરેકમાંથી જન્મ તો અસંતોષ સ્ત્રીઓની સમસ્યાઓ સર્જે છે. ભૃણહત્યા - સ્ત્રીહનન - અને તે ઓનાં પ્રશ્નો બાબતે હજુ પુરૂષ વર્ગ જાગૃત થયો નથી. જેથી ગ્રામ પંચાયતોમાં સ્ત્રી સરપંચ પદે બેસે એ ચલાવી લેવા પુરૂષપ્રધાન સમાજ કેમ તૈયાર થાય? પરિણામે ગ્રામ કક્ષાએ વેર-ઝેર અને ફાટફૂટ વધ્યાં છે અને ગોકુલ ગામની એ મધુર કલ્પના આજે તો કલ્પના જ બની રહી છે! ગામડાંઓ તૂટતાં જાય છે એમ ભેગાં મળીને જીવવાની સંસ્કૃતિમાંથી શહેરો ભેગું કરીને જીવવામાં માને છે. ગામડાં અને શહેરો વચ્ચે મોટી ભેદરેખા! રાષ્ટ્રને પડકારરૂપ પ્રશ્નોમાં નકલસવાદ - માઓવાદ અને પ્રાંતવાદ - ભાષાવાદ કે આતંકવાદ જેવા પ્રશ્નો સાથે અનામતનો પ્રશ્ન - ભ્રષ્ટાચાર - રાજકીય અસ્થિતરતા, મોંઘવારી અને સ્ત્રીઓને લગતાં પ્રશ્નો - ભૃણહત્યા વગેરે મુખ્યત્વે છે.

હમણાં જ જેની સ્વર્ણિમ ઉજવણી થઇ તેવાં ગુજરાત રાજયની પાંચ દાયકાની સ્મરણયાત્રા અનેક ઝંઝાવાતો પ્રશ્નો વચ્ચે વિકાસની રહી છે. ને તોય એની સમસ્યાઓ પણ કયાં ઓછી છે? બેરોજગારી - શિક્ષિત બેરોજગારી પ્રશ્ન રાજયનો મોટો પ્રશ્ન છે. રહેમરાહે નોકરી અને પ્રારંભિક ઉચ્ચક પગારે નોકરીથી આ પ્રશ્ન હલ કરવા પ્રયત્નો જરૂર થયા છે પણ એનાથી રોજગારી વચ્ચેની વિષમતા વધી છે એક જ સંસ્થામાં અલગ પગાર અને પગાર ધોરણોથી કાર્યક્ષમતા પણ અસર જરૂર થઇ છે. ચુસ્ત ધાર્મિકતાને કારણે કોમ-કોમ વચ્ચેનું વૈમનસ્ય વકર્યું છે અને કયારેક એ ઝઘડાનું સ્વરૂપ ધારણ કરે છે. ગરીબો અને પૈસાપાત્ર વચ્ચેનું અંતર વધ્યું છે. ખેડૂતો-શ્રમિકો અને નાના ધંધા રોજગાર મેળવનારાઓની હાલત એની એ જ છે. જયારે જમીન લે-વેચ કરનારાઓ બિલ્ડર્સ બોલી - ઉદ્યોપતિઓ અને રાજકીય વગ ધરાવતો મોટો વર્ગ વધુ સુખી - સંપન્ન બન્યો છે. આમ આર્થિક અસમાનતા વધતી રહી છે.

કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ દિન-પ્રતિદિન કથળતી જાય છે ધોળે દહાડે ખૂન-લૂંટપાટ - અરાજકતા વધતો જાય છે. ગુંડાગીરી - અછોડા તોડવા - સ્ત્રીઓની સલામતી - બળાત્કાર - બાળકો ઉઠાવી જવાની અને અપહરણ પાછળ મોટી રકમ માગણી જેવા અઘટિત કિસ્સા વધતા જાય છે. ભ્રષ્ટાચાર પણ વધ્યો છે. અને વહીવટી ક્ષેત્રે તેની ટકાવારી વધતી જાય છે. લોકોના કામો દામ વગર થતાં જ નથીની ભાવના દૃઢ થતી જાય છે. બાકી સ્ત્રી જન્મદર ઘટતો જાય છે. ભૃણહત્યા મનોરંજન અને ઉત્સવો પાછળ થતો લખલૂટ ખર્ચો ઝૂંપડપટ્ટીનો વધતો વ્યાપ. આ તમામ રાજય કક્ષાએ પ્રશ્નોની હારમાળા સર્જે છે.

છેલ્લે વાત ગાંધીનગરની! રાજયનું પાટનગર ગાંધીનગર!! હરિયાળું - મનોહર રાજનગર. ન્યાયિક પ્રક્રિયા દ્વારા મહાનગરપાલિકાનો દરજ્જો પ્રાપ્ત કરવા છતાં ગાંધીનગરના પ્રશ્નો આગવા પ્રશ્નો છે. સફાઇ અને આરોગ્યનો પ્રશ્ન વણસતો જાય છે. ચ-૦ થી કે ઘ-૦ થી લઇને ચ-૭ કે ઘ-૭ સુધીના લાંબા - વિશાળ રસ્તાઓ આજે ય સેનેટરી સુવિધાથી વંચિત છે. શૌચાલય - મૂતરડી જેવી પ્રાથમિક જરૂરિયાત કે પીવાના પાણીની સગવડ આ લાંબા ચોડા અજગર જેવા રસ્તા પર કયાંક જોવા મળતી નથી. જાહેર શૌચાલયો કે સ્નાનાગૃહ 'પે એન્ડ યુઝ' ના ધોરણે પણ તાકીદે કરવાની જરૂર જણાય છે. ઝૂંપડપટ્ટી હટાવવી જરૂરી છે પણ તેનો વૈકલ્પિક ઉપાય પ્રથમ કરવો જોઇએ. ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને સાદું એવું નાનકડું રહેઠાણ - સુવિધાપૂર્ણ - પાણી - વીજળી અને સેનેટરી વ્યવસ્થાવાળુ પુરું પાડવું જોઇએ.

રહેણાંકનાં વિસ્તારોમાં જ દુકાનો - દવાખાનાં અને ટ્યુશન કલાસ ફાલ્યા ફૂલ્યાં છે. જેથી શાંત એવાં રહેણાંક વિસ્તારો પ્રશ્નોમાં ગૂંચવાઇ ગયાં છે. એમાંથી અનેક સમસ્યાઓ ઊભી થાય છે અને થતી રહે છે. ખાનગી શિક્ષણ સંસ્થાઓનાં વધતાં વ્યાપ સાથે નિવાસ વ્યવસ્થા અપૂર્ણ હોવાથી અન્ય રાજયોના યુવક-યુવતીઓ રહેણાંકના વિસ્તારોમાં મકાન ભાડે રાખી રહે છે એથી પણ અનેક પ્રશ્નો ઊભા થાય છે અને સામાજિક સંસ્કાર વિષયક સમતુલા જોખમાય છે.

વિશાળ રસ્તાની અડોઅડ બંધાયેલા ફૂટપાથ જાણે દ્વિચક્રી વાહતો ચલાવવા માટે જ હોય એમ યુવાનો બેધડક ફૂલ સ્પીડમાં વાહન લઇ દોડ્યાં આવે છે જેથી વરિષ્ઠ નાગરિકોની સાંજ ફરવા માટે નકામી થઇ પડે છે. અથવા અકસ્માત સર્જે છે. જયાં ત્યાં આસ્થાને નામે ઊભાં થતાં મંદિરો અને શ્રધ્ધા સ્થાનકો પણ દબાણની સમસ્યા સર્જે છે. ઉભરાતી ગટરો, પાણીનો કકળાટ - જાહેર બાગ-બગીચામાં અસલામતી - નગરને સંસ્કાર કે સલામતી વિનાનું મહાનગર બનાવી દે તો નવાઇ નહીં!

- ભાનુપ્રસાદ પુરાણી

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૨૪મી એપ્રિલ સચિન તેન્ડુલકરનો જન્મદિન**



ક્રિકેટમાં કિર્તીમાન સ્થાપિત કરનારા સચિન તેન્ડુલકરનો જન્મ ૨૪-૪-૧૯૭૩.

માત્ર ૧૬ વર્ષની વયે ક્રિકેટમાં પદાર્પણ કરનાર ભારતીય ટીમનો આધારભૂત ખેલાડી.

- ગુજરાતી - અંગ્રેજી ભાષાના પ્રભાવશાળી વક્તા ન્યુ એજ્યુકેશન હાઇસ્કૂલના સ્થાપક રતિલાલ મોહનલાલ ત્રિવેદીની પુણ્યતિથિ, સાહિત્યક્ષેત્રે પણ તેમનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે.
- ૩૫ એકરમાં મકાન. ૮ કરોડથી વધુ પુસ્તકો ધરાવતી વિશ્વની સૌથી મોટી લાઇબ્રેરી ઓફ કોંગ્રેસ. વોશિંગ્ટન - અમેરિકા ખાતે શરૂ થયું : ૨૪-૪-૧૯૮૦.
- સંગીતકાર - કલાવિદ લતા મંગેશકરના પિતા દીનાનાથ મંગેશકરનું અવસાન - ૧૯૪૨.
- ચિત્રકાર યામિની રોયનું અવસાન - ૧૯૭૨.